નમૂનો -૯ ફક્ત ઓફીસ કામ માટે

## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬. (નિયમ ૨૧ અને ૩૫ મુજબ)

### સરકારશ્રી દ્વારા મંજુર પ્રારંભિક નગર રચના યોજનાનં-૬૦ (ગોત્રી) પુન;વહેચણી પત્રક

| અનુક્રમ નં | માલીક નુ નામ | સત્તાપ્રકાર | રે. સ નંબર | મુળ ખંડ નંબર | મુળખંડ નું ક્ષેત્રફળ | આખરીખંડ નંબર | આખરીખંડ નુ ક્ષેત્રફળ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૩(ક) | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૩૮ (૧) | શ્રી સરકાર (ગોચર) | નવી અને | ૯૨૮/પૈકી | | | ૧૧૭ | ૧૫૭૦૨ | ૧)સંયુક્ત માલીકીના મુળખંડના હક્ક હિસ્સાના પ્રમાણમાં અંતિમખંડના હક્ક હિસ્સા રહેશે. |
| (૨) | ગુજરાત હાઉસંગ બોર્ડ | અવિભાજ્ય | | | | ૧૮૭ | ૬૨૦૮૩ | |
| (૩) | નાયબ કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન ખાતુ ) | શરત | | | | ૧૮૮ | ૧૦૭૯ | ૨) આખરીખંડ નં ૧૯૦-૧૯૧ ની જમીન માલીકી અનુક્રમનંબર ૫ ની ગણવાની રહેશે. |
| (૪) | ભારત હેવી ઈલેક્ટ્રીકલ પ્રોજેક્ટ એંડ ડેવલેપમેન્ટ કો.વી. | | | | | ૧૮૯ | ૧૧૩૦૩ | |
| (૫) | ગુજરાત મીનરલ ડેવલેપમેંટ કોર્પોરેસન | | | | | ૧૯૦ | ૭૯૬૬ | ફક્ત ઓફીસ કામ માટે |
| (૬) | સિધ્ધાર્થ દિલીપસીંહ થોરત | | | ૧૧૭ | ૧૨૯૫૦૦ | ૧૯૧ | ૩૩૭૩ | |
| (૭) | દીલીપ સીંહ થોરાત | | | | | | ૧૦૧૫૦૬ | |
| (૮) | દીલીપસીંહ દીનકરરાવ થોરાત સ.વા. મેઘનાબા | | | | | | | |
| (૯) | દીલીપસીંહ | | | | | | | |

**કલેક્ટર કચેરી, ચિટનીશ શાખા, વડોદરા**

ફોન નં. (૦૨૬૫) ૨૪૩૩૬૪૪ ફેક્સ નં. (૦૨૬૫) ૨૪૩૧૦૯૩

E Mail: chitnis-vad@gujarat.gov.in

નં. જમીન-ક /વશી/ ૪૮૭ ૪૯૬ /૨૦૧૯ તા.૧૮ /૨/૨૦૧૯

**વાંચ્યા:-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, અફોર્ડેબલ હાઉસીંગ, વડોદરા મહાનગર પાલિકના પત્ર આઉટવર્ડ નં.૨૧૮૨ તા. ૧૮/૦૨/૨૦૧૭ થી સવાલવાળી જમીનની કરેલ માંગણી.

(૨) મામલતદારશ્રી, વડોદરા શહેર (પશ્ચિમ) ના પત્ર નં. જમીન/વશી / ૧૩૨૩ /૨૦૧૭ તા. ૧૦/૧૦/૨૦૧૭ તથા તા. ૪/૧૨/૧૮ થી થઈ આવેલ ભલામણસહનો અહેવાલ લગત નાયબ કલેક્ટરશ્રી, વડોદરા શહેરના પત્ર નં. જમીન/વશી/ ૩૫૦૧/૧૭ તા. ૧૬/૧૦/૧૭ તથા તા. ૪/૧૨/૧૮થી જમીન ફાળવવા બાબતે આપેલ અભિપ્રાય

(૩) અત્રેના પત્ર નં. જમીન/ક/વશી/ ૧૭૮૧/ ૧૮ તા. ૦૧/૦૫/૨૦૧૮ થી સરકારશ્રીમાં કરેલ દરખાસ્ત તથા તા. ૨૪/૯/૧૮ તેમજ તા. ૬/૧૨/૧૮ના પત્રથી સરકારશ્રીમાં કરેલ પૂર્તતા

(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જમન/૧૪૧૮/૧૬૭૨/અ-૧(ગ) તા. ૧૫/૦૨/૨૦૧૯થી જમીન ફાળવવા થયેલ ઠરાવ.

(૫) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જમન/૩૯૨૦૧૬/યુઓઆર-૧/ગ તા. ૨૫/૦૧/૨૦૧૭

**હુકમઃ-**

કાર્યપાલક ઈજનેરશ્રી, અફોર્ડેબલ હાઉસીંગ, વડોદરા મહાનગર પાલિકના ઉક્ત **વંચાણ-૧** ના પત્રથી સરકારશ્રીની માલિકીની ઝુંપડાવાસીઓના દબાણોવાળી મોજે.ગોત્રી (ગાયત્રીપુરા) તા.જિ. વડોદરાના સ.નં. ૯૨૮ પૈકી ૧૧૩૦૩ ચો.મી. જમીન પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસો બનાવવાના હેતુ માટે દબાણ સહિત વડોદરા મહાનગરપાલિકાને ફાળવવા માંગણી કરેલ છે.

વડોદરા મહાનગરપાલિકાની માંગણી સબંધમાં મામલતદારશ્રી, વડોદરા શહેર (પશ્ચિમ)ને ધોરણસરની દરખાસ્ત તૈયાર કરી અત્રે મોકલી આપવા જણાવતાં, મામલતદારશ્રી, વડોદરા શહેર (પશ્ચિમ) તથા નાયબ કલેક્ટરશ્રી, વડોદરા શહેરના ઉક્ત **વંચાણ** – ૨ના પત્રથી સવાલવાળી જમીન દબાણ સહિત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વડોદરા મહાનગરપાલિકાને ફાળવવા માટે અભિપ્રાય આપેલ છે. જે અન્વયે અત્રેના ઉક્ત વંચાણ-૩માં જણાવેલ તા. ૧/૫/૧૮ના પત્રથી સરકારશ્રીમાં વિગતવાર દરખાસ્ત કરેલ. તથા આ કામે સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૨૦/૬/૧૮ અને ૨૯/૯/૧૮ ના પત્રથી માંગેલ પૂર્તતા અંગે અત્રેના તા. ૨૪/૯/૧૮ અને તા. ૬/૧૨/૧૮ના પત્રથી સરકારશ્રીમાં પૂર્તતા અહેવાલ મોકલેલ.

જે અંગે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઉક્ત **વંચાણ-૪** ના તા. ૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવથી મોજે.ગોત્રી (ગાયત્રીપુરા) તા.જિ. વડોદરાના સ.નં. ૯૨૮ પૈકી (સી.સ.નં. ૨૩૪૮ પૈકી)ની ૬૬૬૬.૯૮ ચો.મી. ગામતળ સદરની જમીન પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસો બનાવવાના હેતુ માટે ગુજરાત સ્લમ રીહેબીલીટેશન પોલીસી પીપીપી-૨૦૧૩ અંતર્ગત વડોદરા મહાનગરપાલિકાને દબાણ સહિત શરતનો આધિન તથા સરકારશ્રીના મહેસુલ વિભાગના ઉક્ત **વંચાણ-૫** ના તા.૨૫/૦૧/૨૦૧૭ ના ઠરાવની જોગવાઈઓને આધીન વિનામુલ્યે, જુની શરતે અને બોજા રહિત ફાળવવા ઠરાવવામાં આવેલ છે.

સબબ, સરકારશ્રીની માલિકીની ઝુંપડાવાસીઓના દબાણોવાળી મોજે.ગોત્રી (ગાયત્રીપુરા) તા.જિ. વડોદરાના સ.નં. ૯૨૮ પૈકી (સી.સ.નં. ૨૩૪૮ પૈકી)ની ૬૬૬૬.૯૮ ચો.મી. ગામતળ સદરની જમીન મહેસુલ વિભાગના ઉક્ત વંચાણ-૪ તા. ૧૫/૨/૧૯ તથા **વંચાણ-૫** તા.૨૫/૧/૧૭ના ઠરાવાની જોગવાઈઓને આધિન પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસો બનાવવાના હેતુ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વહિવટી નિયંત્રણ તળે વડોદરા મહાનગરપાલિકાને દબાણ સહિત નીચેની શરતોને આધિન વિનામુલ્યે, જુની શરતે અને બોજા રહિત ફાળવવા આથી હુકમ કરવામાં આવે છે.

અફોર્ડેબલ હાઉસીંગ અને MGY સેલ

આ. નં. ૪૧ તા. ૧/૩/૧૯

Scanned with CamScanner

**શરતોઃ-**

(૧) મહેસુલ વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૭ના ઠરાવમાં વંચાણે લીધેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૮/૭/૧૩ના ઠરાવ ક્રમાંકઃ પીઆરસી-૧૦૨૦૧૩-૭૮૩-થ તથા તા. ૧૫/૦૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ એએફએમ-૧૦૨૦૧૫-૪૫૩-થ. ૧ માં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) જે હેતુ માટે જમીન ફાળવવામાં આવી છે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે.

(૩) વડોદરા મહાનગરપાલિકાએ સવાલવાળી જમીનનો ઉપયોગ કોઈ પણ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના દરેક માટે સમાન ધોરણે કરવાનો રહેશે.

(૪) સવાલવાળી જમીનની વડોદરા મહાનગરપાલિકાના ખર્ચે સત્વરે વિધિવત માપણી કરાવી નિયમોનુસાર જમીનનો કબજો સંભાળી લેવાનો રહેશે.

(૫) સવાલવાળી જમીન અંગે ભવિષ્યમાં કોઈ પણ પ્રકારના વિવાદ/દિવાની-ફોજદારી, કોર્ટ કેસને લગતી કે નાણાંકીય કે અન્ય કાનુની તમામ પ્રકારની જવાબદારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની રહેશે.

(૬) ઉપર પૈકી કોઈ પણ શરતોનો ભંગ થયેથી સવાલવાળી જમીન કોઈપણ જાતના વળતર વિના ઈમલા સહિત સરકાર હસ્તક પરત લેવામાં આવશે.

કલેક્ટર વડોદરા

**( શાલિની અગ્રવાલ)**
**કલેક્ટર, વડોદરા**

**પ્રતિ,**

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ, વડોદરા મહાનગર પાલિકા, વડોદરા

**નકલ સવિનય સાદરઃ-**

(૧) સંયુક્ત સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગ શાખા, સચિવાલય,ગાંધીનગર તરફ જાણ થવા અર્થે.

(૨) સંયુક્ત સચિવશ્રી, મહેસુલ વિભાગ, અ.૧ શાખા, સચિવાલય,ગાંધીનગર તરફ જાણ થવા અર્થે.

(૩) સંયુક્ત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ જાણ થવા અર્થે.

**નકલ જયભારતસહ રવાનાઃ-**

(૧) નાયબ કલેક્ટરશ્રી,વડોદરા શહેર, નર્મદાભુવન, છઠ્ઠો માળ, જેલ રોડ, વડોદરા તરફ જાણ સારૂ.

(૨) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર,વડોદરા તરફ જાણ તથા રેકર્ડમાં જરૂરી દુરસ્તી કરવા સારૂ.

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ, વડોદરા મહાનગરપાલિકા,વડોદરા તરફ જાણ સારૂ.


**નકલ રવાનાઃ-**

(૧) મામલતદારશ્રી,વડોદરા શહેર (પશ્ચિમ) તરફ **(કામના કાગળોસહ)** જાણ તથા માંગણીદારના ખર્ચે સત્વરે વિધિવત માપણી કરાવી નિયમોનુસાર જમીનનો કબજો સોંપવા તથા તે અંગેની સનંદ તૈયાર કરી સબંધિતને સોંપી દેવાની કાર્યવાહી ત્રણ માસમાં પુરી કરી, અત્રે તેનો અહેવાલ કરવા સારું.

(૨) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી નં. ૧ વડોદરા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારું.

(૩) તલાટી-કમ-મંત્રીશ્રી, ગોત્રી તા.જિ.વડોદરા તરફ જાણ વ જરૂરી કાર્યવાહી કરવા સારું.


Scanned with CamScanner




Scanned with CamScanner

ફકત ઓફીસ કામ માટે

T.P-૬૦ (પ્રારંભિક) F.P-૧૮૯ નો નકશો




ફકત ઓફીસ કામ માટે

Scanned with CamScanner